**પુનઃ International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| SUMMATIVE ASSIGNMENT -2 2022-23 |
|---|
| Grade – 8 Subject- GUJARATI |
| Syllabus – CH-6,7,8,9,10, FROM TEXTBOOK |

**[SECTION -A READING ]**

**પ્રશ્ન- I] નીચે આપેલો ફકરો વાચી તેના પ્રશ્નોના જવાબ લાખો**

**1)**ગુરુએ આપેલું જ્ઞાન વધુ નિર્દોષ બનાવવું એનું નામ ગુરૂ પૂજા, ગુરુના વિચારોમાં કાંઈ ભૂલ શિષ્યને જણાઈ, તો એ તે છુપાવશે નહીં ગુરુ ની આંગળી આંધળી ભક્તિ સુચા ગુરુ નેગમતી નથી નમ્ર પણ નિર્ભય પણે જ્ઞાનની ઉપાસના કરીએ જવી એમાં જ ગુરુભકિત છે આપણને પ્રિય અને પૂજ્ય એવા કુટુંબની મૂડી મરણ પામે તો આપણને દુઃખ થાય છે પરંતુ તે મૃતદેહને લઈને આપણે કાંઇ બેસી રહેવાના છીએ તે પ્રિય પણ મૃત માનવી ના શબને અગ્નિદાહ દેવો પડે છે તે જ પ્રમાણે પૂર્વજોના મૃત વિચાર અને રીતરિવાજ અને આપણે નમ્ર ભાવે દાટી દઈએ તેમજ પૂર્વજોની પૂજા છે પૂર્વજો માટે આદર એટલે પૂર્વજોના અનુભવો માટે આદર તેમની નિષ્ઠા માટે આદર ગુરુની પૂજા એટલે સત્ય ની પૂજા જ્ઞાનની પૂજા જ્યાં સુધી મનુષ્યને જ્ઞાનની તરસ છે ત્યાં સુધી જગતમાં ગુરુભક્તિ રહેશે

**પ્રશ્નો: (1) ગુરુની સાચી પૂજા કઈ છે?**

જ) ગુરુએ આપેલું જ્ઞાન વધુ નિર્દોષ બનાવવું સાચી પૂજા છે.

**(2) પૂર્વજોની સાચી પૂજા કઈ છે?**

જ) પૂર્વજોના મૃત વિચાર અને રીતરિવાજ અને આપણે નમ્ર ભાવે દાટી દઈએ તેમજ પૂર્વજોની સાચી પૂજા છે .

**(3) ગુરુની પૂજા એટલે કોની પૂજા?**

જ) પૂર્વજો માટે આદર એટલે પૂર્વજોના અનુભવો માટે આદર તેમની નિષ્ઠા માટે આદર ગુરુની પૂજા .

**(4) ક્યાં સુધી ગુરુભક્તિ રહેશે?**

જ) સત્ય ની પૂજા જ્ઞાનની પૂજા જ્યાં સુધી મનુષ્યને જ્ઞાનની તરસ છે ત્યાં સુધી જગતમાં ગુરુભક્તિ રહેશે

**(5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.**

જ) ગુરુ અને પૂર્વજો સાચી પૂજા .

2) **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો**

મંદિર તારું વિશ્વ રૂપાળું,
સુંદર સરજનહારા રે;
પળ પળ તારાં દર્શન થાયે,
દેખે દેખનહારા રે! મંદિર તારું
નહિ પૂજારી, નહિ કોઈ દેવા,
નહિ મંદિરને તાળાં રે,
નીલ ગગનમાં મહિમા ગાતા,
ચાંદો, સૂરજ, તારા રે. મંદિર તારું
વર્ણન કરતાં શોભા તારી,
થાક્યા કવિગણ સારા રે;
મંદિરમાં તું ક્યાં છુપાયો?
શોધે બાળ અધીરાં રે. મંદિર તારું

પ્રશ્નો.

**(1) કવિને વિશ્વરૂપી મંદિર કેવું લાગે છે?**

જ) કવિને વિશ્વરૂપી મંદિર રૂપાળું લાગે છે

**(2) આકાશમાં સર્જનહારનો મહિમા કોણ કોણ ગાય છે?**

જ) આકાશમાં સર્જનહારનો મહિમા ચાંદો, સૂરજ અને તારા ગાય છે.

**(3) આ વિશ્વરૂપી મંદિરની વિશેષતા શી છે?**

જ) આ વિશ્વરૂપી મંદિરની વિશેષતા એ છે કે તેમાં કોઈ પૂજારી નથી, કોઈ દેવની મૂર્તિ નથી કે આ મંદિરને તાળાં નથી.

**(4) અધીરાં બાળકો કોને શોધે છે?**

જ) અધીરાં બાળકો વિશ્વરૂપી મંદિરના સર્જનહારને શોધે છે.

## [ SECTION B WRITING ]

## પ્રશ્ન- II] નીચેના વિશે નિબંધ લખો.

**૧ ) મારુ ગુજરાત વાયબ્રન્ટ ગુજરાત પર નિબંધ.**

ગુજરાત રાજ્ય અને ભારત દેશમાં ઔદ્યોગિક રાજ્ય તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં કુલ 33 જિલ્લાઓ છે. ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે. રાજ્યનું **સૌથી મોટું** શહેર અમદાવાદ છે. જે ભારતનું મેનચેસ્ટર કહેવાય છે અને ગુજરાતની **આંતરરાષ્ટ્રીય સીમા** પાકિસ્તાન સાથે જોડાયેલી છે.

ગુજરાતના મુખ્ય શહેરોમાં અમદાવાદ, ગાંધીનગર ,અમરેલી, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, આણંદ, નડીઆદ, પોરબંદર, જૂનાગઢ, પાટણ, ભુજ, ભરૂચ, નવસારી, અને મહેસાણા વગેરેનો સમાવેશ થાય છે અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું અને વિકસિત શહેર છે.

સૌથી **મોટો** જિલ્લો કચ્છ અને સૌથી **નાનો** જિલ્લો ડાંગ છે. અમદાવાદ એ સૌથી વધુ વસ્તી ધરાવતો જિલ્લો છે અને ડાંગ જિલ્લો એ સૌથી ઓછી વસ્તી ધરાવતો છે. સુરત જિલ્લા એ સૌથી ગીચ વસ્તી ધરાવતો શહેર છે.

**ગુજરાત નો દરિયા કિનારો**

ગુજરાત નો દરિયા કિનારો **1600 કિલોમીટર** લાંબો છે. ગુજરાતના ૧૫ જિલ્લાની દરિયાકિનારો મળે છે. ગુજરાતના દરિયાકિનારાને લીધે અહીં મત્સ્ય ઉદ્યોગ મીઠાનો ઉપયોગ તેમજ વીડિયોનો ઉદ્યોગ વિકસ્યો છે. ભારતમાં ગુજરાત સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે

**ગુજરાતની નદી**

ગુજરાતની સૌથી મોટી નદી નર્મદા છે. નર્મદા પછી તાપી અને સાબરમતી નદી છે જે ગુજરાત માં લાંબો વિસ્તાર ને આવરી લે છે. નર્મદા ગુજરાતની સૌથી લાંબી નદી છે. નર્મદા નદી પર સરદાર સરોવર યોજના બનાવવામાં આવી છે અને સાબરમતી નદી પર રીવરફ્રન્ટ યોજના બનાવવામાં આવે છે.

**ગુજરાતની સંસ્કૃતિ**

ગુજરાતી લોકોની જન્મભૂમિ ગુજરાતી છે. અહીંની મુખ્ય ભાષા ગુજરાતી છે અને અહીંની મુખ્ય વસ્તી હિંદુ ધર્મ પાળે છે અને ગુજરાતમાં હિંદુ ધર્મ સિવાય જૈન પારસી અને ખ્રિસ્તી જેવા અન્ય ધર્મ ના લોકો પણ રહે છે. ગુજરાતે ઉદ્યોગીકરણ તરીકે વિકસિત રાજ્ય હોવાથી અન્ય રાજ્યોના લોકો પણ અહીંયા રોજગારી માટે આવે છે.

**જીવરાજભાઇ મહેતા ગુજરાતના સૌથી પહેલા મુખ્યમંત્રી બન્યા હતા.** ગુજરાતના હાલના 17માં મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્રભાઈ પટેલની નિમણૂક કરાયા. ગુજરાત ભારતના સૌથી ધનિક રાજ્યોમાંનુ એક છે.ગુજરાતના બધા જ તહેવારો ધામધૂમથી ઉજવવામાં આવે છે.મીઠાના ઉદ્યોગમાં ગુજરાત સૌથી **મોખરે** છે. ભારતના મુખ્ય બે અખાતો **ખંભાતનો અખાત** અને **કચ્છનો અખાત** ગુજરાતમાં આવેલ છે. ગુજરાતમાં રાસ ,ગરબા અને દુહા વિશિષ્ટ સાંસ્કૃતિક મહત્વ છે. ચૂનાનો પથ્થર ગુજરાતમાં લગભગ દરેક સ્થળોએ મળી આવે છે.

ગુજરાતમાં અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે **મારુ ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત** તરીકે કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં લોકો બીજા રાજ્યોમાંથી પણ જોવા આવે છે. દેશ-વિદેશના લોકો પણ જોવા આવે છે.

**આયુર્વેદિક યુનિવર્સિટી** ભારતમાં ફક્ત ગુજરાતના **જામનગરમાં** જ આવેલી છે.ગુજરાતે ભારતને તેની સ્વાતંત્ર ચળવળ ના બે મોટા નેતાઓની ભેટ આપેલ છે **મહાત્મા ગાંધી** અને **સરદાર વલ્લભભાઈ પટેલ**..

ગુજરાતે વિશ્વના બે દેશો ને રાષ્ટ્રપિતા આપ્યા છે ભારત ને **મહાત્મા ગાંધી**અને પકિસ્તાન ને **મહમદ અલી ઝીણા.**
સમગ્ર ભારતના ઈતિહાસમાં ગુજરાતે ભારત નાં આર્થિક વિકાસમાં ખુબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે.
હંમેશા ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે સાંસ્કૃતિક ક્ષેત્રે હંમેશા બધા જ ક્ષેત્રે આગળ જ રહ્યું છે. ગુજરાતી હોય એ આખા વિશ્વમાં પોતાનો ડંકો વગાડ્યો છે.. ગુજરાતી હોય એ આખા વિશ્વમાં પોતાનો ડંકો વગાડ્યો છે.

## નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

1) અકબરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

**<u>બિરબલની યુક્તિ</u>**

અકબર એક રાજા હતો. તેના દરબારમાં ઘણા બધા લોકો હતા પણ બિરબલ હાજરજવાબી અને બુદ્દ્ધિચાતુર્ય માટે જાણીતો હતો. અકબર ઘણી વખત પોતાના દરબારમાં નવી નવી વાતો લાવતો. જે સારુ કામ કરે તેને ઇનામ પણ આપતો.

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં એક જેવા જ બે ફૂલ લઈને આવ્યા.તેમાં એક ફૂલ સાચું છે અને એક ફૂલ બનાવટી છે. પરંતુ તેને સ્પર્શ કર્યા વગર બધાયે તેને ઓળખી બતાવવાનુ હતું. કોઈ તેનો જવાબ આપી શકતુ નથી કેમકે તે બન્ને ફૂલ એક સરખા જ લાગતા હતા.

કોઈ જવાબ આપી શકતુ ન હતું અકબરે બિરબલ સામે જોયું તો બિરબલ તરત પોતાના સ્થાનેથી ઊઠીને બહારથી એક મધમાખી મધમાખી પકડી લાવ્યો. મધમાખી તરત જે સાચુ ફૂલ હતુ તે ફૂલ પર બેઠી.

આમ બિરબલે ખુબ હોશીયારીથી ફૂલ ઓળખી બતાવ્યું.

2) એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

**<u>એકતામાં જ સાચી તાકાત છે</u>**

એક ખેડૂત હતો. તેના ચાર દીકરા હતા. બધા એકબીજાની જોડે રહેતા હતા પરંતુ એક દિવસ કોઈ બાબતે તેમની વચ્ચે ઝગડો થયો. અને બધા વચ્ચે કુસંપ થયો ખેડૂતને ચિંતા થવા લાગી અને એક દિવસ તે બીમાર પડ્યો તેને લાગ્યુ કે હવે હું વધારે જીવી નહિ શકુ, પરંતુ દિકરાઓ વચ્ચે કુસંપ હોવાથી તે વધારે ચિંતિત રહેતો હતો.

એક દિવસ એને દરેક દિકરાને બોલાવ્યા અને એક લાકડાની ભારી લાવવાનું કહ્યું અને દરેક દિકરાને ભારી ભાંગવાનું કહ્યું પણ તે ભારી ભાંગી શક્યા નહિ. ત્યારબાદ તેમણે તે ભારી છોડી નાખી અને એક એક લાકડી ભાંગવા કહ્યું બધાયે તરત લાકડી ભાંગી નાખી. આમ દરેક દિકરાને એક્તાની તાકાત સમજાઈ ગઈ.

આમ, દરેક દીકરાઓ સંપથી સાથે રહેવા લાગ્યા.

## [SECTION-C GRAMMAR]

**પ્રશ્ન- III]નીચેની કહેવતો નો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો**

૧) પારકી આશા સદા નિરાશ- બીજા ઉપર આધાર રાખવો નકામું છે
વાક્ય- રામુકાકા એ બાજરી લણવા માટે ચાર દિવસ સુધી રાહ જોઈ પણ મજૂર આવ્યા જ નહીં ત્યારે એ મનોમન બબડિયા પારકી આશા સદા નિરાશ
૨) જાત મહેનત જિંદાબાદ- પોતાની મહેનત થી જ સફળતા મળે
વાક્ય- અજય ગામની સફાઈ માટે પોતે જ મંડી પડતો એ માન તો કે જાત મહેનત જિંદાબાદ.

**પ્રશ્ન- IV]નીચેના રૂઢિ-પ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો**

૧) જુદોમાટીનોમાનવી- જૂદીપ્રકૃતિધરાવનારમાણસ
**વાક્ય -______________________________**

૨) કમરકસવી –હિંમતકરવી, તૈયારથવું
**વાક્ય -**______________________________
3 ) જીવ કપાઈ જવો –દુઃખી થવું
**વાક્ય -**______________________________
૪) કદમથી કદમ મેળવવા –સાથે મળીને કાર્ય કરવું
**વાક્ય -**______________________________
૫) લોઢાના ચણા ચાવવા – ખૂબ જ અઘરું કામ કરવું
**વાક્ય -**______________________________
મો નિશાન મટવું – નિર્મૂળ થવું
**વાક્ય -**______________________________
રાજ ચાલવું – ઝાડો લહેરાવો
**વાક્ય -**______________________________
રોશન થવું – આબરૂ વધવી
**વાક્ય -**______________________________
૧) ટાયલી કરવી – નકામી દોઢ ડહાપણની વાત કરવી
વાક્ય -______________________________
૨) નોબત આવવી – વખત આવવો
વાક્ય -______________________________
૩) હાથ બતાવવો - આવડતબતાવવી
વાક્ય -______________________________
૪) ભાગી પડવું – હિંમત હારી જવું
**વાક્ય -**______________________________

**પ્રશ્ન- V]નીચેના આપેલા પ્રશ્નોના સાચા વિકલ્પ શોધી લખો**

**1) આપણે શાના સરદાર છીએ ?**
અ) સરહદના  બ) ચીખ્ખાઈના
ક) ગંદકીના  ડ) આંગણ- શેરીના
**2) શહેર –ગામ ચોખ્ખા થવાથી શાનું નામો-નિશાન મટી જશે ?**
અ) ગંદકીનું  બ) રોગનું
ક) વેરઝેરનુ  ડ) ઉકરડાનું
**3) ચોખ્ખાઈ થકી તંદુરસ્તી નો ઝડો લહેરાય તો કોનું નામ રોશન થશે ?**
અ) ગામનું  બ) શહેરનું
ક) દેશનું  ડ) અમારું
**4) 'નામો નિશાન મટી જશે ' એટલે શું ?**
અ)નામનાથશે  બ) કીર્તીફેલાશે
ક)નિર્મૂળથશે  ડ) મોટુંનામથશે
**5)પ્રાચીના મામા નું નામ શું છે ?**
અ) મનોજભિંગરે  બ) વિવેકભરતી
ક) આશિષભાઈ  ડ) મૃદુલઘોષ
**6)મામાએ પત્રમાં શાની શુભેછા પાઠવી છે ?**
અ)દિવાળીઅનેનવાવર્ષની  બ)જન્મદિવસની
ક) પરીક્ષામાં પ્રથમ આવવાની  ડ) રમત ગમતમાં પ્રથમ આવવાની
**7)મામા એ લખેલું શુભેચ્છઅ કાર્ડ કોને બનાવ્યું છે ?**

અ) પ્રાચીએ　　　　　બ) સંસ્થાએ

ક) મામાએ　　　　　ડ)દિવ્યગચિત્રકારે

**6)દિવ્યાંગ ચિત્રકાર મનોજ ભીંગારે ક્યાં રાજ્યના છે ?**

અ) ગુજરાતના　　　　　બ) રાજસ્થાન

ક) પંજાબના　　　　　ડ) મહારાષ્ટ્ર

8) મૃદુલઘોષ અને મનોજ ભીંગારે શાના વડે ચિત્ર દોરતા હતા ?

અ) હાથ વડે　　　　　બ) પગ વડે

ક) આંગળીઓ વડે　　　　　ક) મોં વડે

**9)ખુશાલી ના ગામમાં દર વર્ષ ક્યારે રાત રળિયામણી બની જતી ?**

અ) દિવાળીઆવેત્યારે　　　　　બ) શરદપૂનમઆવેત્યારે

**ક)નવરાત્રીઆવેત્યારે**　　　　　ડ) શિવરાત્રીઆવેત્યારે

**10)પૂર્વી ખુશાલી ની શું સગી થાય ?**

અ) મામાનીદીકરી　　　　　બ)કાકાનીદીકરી

ક) ફોઈનીદીકરી　　　　　**ડ) માસીનીદીકરી**

**11) પૂર્વી શાના વિશે શિકાગો માં અખબાર માં લેખ લખવાની છે ?**

અ) નવરાત્રી વિશે　　　　　**બ) ગુજરાતના લોક નૃત્ય વિશે**

ક) તહેવારો વિશે　　　　　ક) ગરબાનીઉત્પતિ વિશે

**12)'ગરબો ' શબ્દ મૂળ ક્યાં શબ્દમાંથી આવ્યો છે ?**

અ)ગર્બદીપમાંથી　　　　　બ) ગર્ભોમાંથી

**ક) ગર્ભદીપમાંથી**　　　　　ડ) ગર્વદીપમાંથી

**13)નીચેના માંથી ક્યો પુરુષ નૃત્યનો પ્રકાર છે ?**

અ) હીંચ　　　　　બ) ગરબો

ક) ટિપ્પણી　　　　　**ડ) ગરબી**

**14) ધૂળો કોટડા ગામ જવા ક્યારે નીકળ્યો ?**

અ)વહેલી સવારે　　　　　બ) ભર બપોરે

**ક) સમી સાંજે**　　　　　ડ) અડધી રાતે

**15) ધૂળો બીજે રસ્તે કેમ ચડી ગયો ?**

અ) ચરોના ભયના કારણે　　　　　**બ) અધારા ના કારણે**

ક)જંગલી પશુના ડરના કારણે　　　　　ડ)ઝાડી ના કારણે

**16)ચોર ક્યાં સંતાયેલા હતા ?**

**અ)ઝાડીમાં**　　　　　બ) ઘાસમાં

ક)ખાઈમાં　　　　　ડ)ઝાડનીઓથે

**17)ધૂળાએ પોતાના કેટલા સાથી ગણાવ્યા ?**

અ) બે　　બ) ચાર　　ક) આઠ　　**ડ) બાર**

**18)ધૂળા ના ખરા બે સાથી કોણ હતા ?**

અ) બે આખો　　　　　બ) બેહાથ

ક) કાટલાં અને કોથળા　　**ડ)હિંમત અને વિશ્વાસ**

**પ્રશ્ન- VI]નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો**

1. સફાઈ - ચોખ્ખાઈ
2. આગેવાન - સરદાર
3. ઝગમગતા- ચકચતા

4. શરીર - તન
5. પવિત્ર - નિર્મળ
6. દ્વેષઅનેશત્રુતા - વેરઝેર
7. ઉજળું – રોશન
8. જુલમ - કેર
9. હોશિયાર - કાબેલ
10. કલાકાર - આર્ટિસ્ટ
11. સમય - નોબત
12. સંકલ્પ – નિચ્ચય

**પ્રશ્ન- VII]નીચેના વાક્યો ક્યાં છે તે ઓળખી બતાવો**

1. વાહ ! સુંદરહસ્તાક્ષરછે !- **<u>ઉદ્દગર્વાક્ય</u>**
2. વાસુ ફૂટબોલ રમે છે .**<u>સાદું વાક્ય</u>**
3. તમે કાલે શું ખાધું હતું ?- **પ્રશ્નાર્થવાક્ય**
4. અમારા શિક્ષક ખુબ જ  હોશિયાર છે .**સાદું વાક્ય**
5. મનસ્વી કાલે ક્યાંગઈ હતી ?- **પ્રશ્નાર્થ વાક્ય**

**પ્રશ્ન- VIII]નીચેના શબ્દોને શબ્દકોશ ના ક્રમમાં Sગોઠવો**

**૧)હવાઈ ,સારી ,નોબત ,નામ**

જ) નામ ,નોબત ,સારી ,હવાઈ

**૨) પ્રેરક ,ચિત્રકાર ,એકમ ,પગ**

જ)એકમ,ચિત્રકાર,પગ, પ્રેરક

**૩) મજા ,અમારા ,દિવાળી ,રાજકોટ**

જ),અમારા,દિવાળી ,મજા,રાજકોટ

**૪) હાથ ,નકામા ,ગજબ ,વાત**

જ) ગજબ ,નકામા,વાત, હાથ

**પ્રશ્ન-IX ] શબ્દ સમૂહ માટે એક શબ્દ કૂસ માંથી પસંદ કરી લખો**

**1.** પ્રેણા,ગતિ કે ઉત્તેજન આપનારું - **<u>પ્રેરક</u>**
2. ઉપયોગ વિનાનું - **<u>નકામું</u>**
3. પૈડાંવાળી ખુરશી – **<u>વહીલચેર</u>**
4. ચિત્ર દોરનાર -  **<u>ચિત્રકાર</u>**
5. કરોડમાંથી પસાર થતું જ્ઞાન તંતુનુંદોરડું – **<u>કરોડરજ્જુ</u>**
**6.** કશુક નવું જોવા જાણવાની આતુરતા-  **કુતૂહલ**
1. સામાન્ય લોકોમાં પ્રચલિત નૃત્ય પ્રકાર - **લોકનૃત્ય**
**2.** સાંકડા મોં વાળુંપાણી ભરવાનું વાસણ - **ગાગર**
**3.** શૂર ચડે એવા સુરનો એક ભાગ -  **સિંધૂડો**
**4.** સવાર માં ગાવાનું એક પ્રકાર નું પદ- **પ્રભાતિયું**

**પ્રશ્ન-X ] નીચેના શબ્દની શબ્દ જોડણી લખો**

1. સમૂહ + કવાયત = સમૂહકવાયત
2. સમૂહ + નૃત્ય =  સમૂહનૃત્ય

3. સમૂહ + ભોજન = સમૂહભોજન
4. સમૂહ+ પ્રાર્થના = સમૂહપ્રાર્થના

**પ્રશ્ન-XI ] નીચેના શબ્દોના વિરોધી શબ્દો લખો**

1. સફળ x નિષ્ફળ
2. મર્યાદા x વિષેશતા
3. પ્રિય x અપ્રિય
4. આશા x નિરાશા
5. હારવું x જીતવું

**પ્રશ્ન-XII ] નીચેની કાવ્ય પઁક્તિઓને ગદ્ય સ્વરૂપે લખો**

**૧) જંગલમાં ભૂલો પડ્યો ,દિલમાં થયો ઉચાટ .**

જ)જંગલમાં ભૂલો પડી ગયો .તેથી તેને મનમાં ચિતા થવા લાગી .

**૨)નથી કદી હું એકલો ,સાથી મારે બાર !**

જ) હું એકલો છું જ નથી ,મારી સાથે તો મારા બાર સાથીદારો છે .

**૩)ધૂળોકૂદ્યો , કોથળોવીંઝેસબોસબ !**

જ)ધૂળોતરતજકૂદીપડ્યોઅનેકોથળોસબોસબવીંઝવાલાગ્યો .

**૪)ક્યાંથી રે! આ વાણિયો શીખ્યો આવા દાવ ?**

જ) આ વાણિયો આવા દાવ ક્યાંથી શીખ્યો હશે ?

**૫) બાર જણા જો છૂટશે ,થશે આપણી ધોર !**

જ) બારે બાર જણા જો આવી જશે તો આપણી તો ધોર જ ખોડાઈ જશે .

## [SECTION- D LITERATURE ]

**પ્રશ્ન-XIII ] નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો**

**૧) સંસ્કાર ગામમાં આવ્યો ત્યારે કયા ધોરણમાં ભણતો હતો?**

જ) સંસ્કાર ગામમાંઆવ્યો ત્યારે છઠ્ઠા ધોરણમાં ભણતો હતો.

**૨) સંસ્કારે સર્જ્યું સ્વર્ગ પાઠમાં પુરુષોત્તમ ભાઇ કેટલા વર્ષો પછી વતનમાં પાછા આવ્યા હતા ?**

જ) સંસ્કારે સર્જ્યું સ્વર્ગ પાઠમાં પુરુષોત્તમભાઈ 25 વર્ષો પછી વતનમાં પાછા આવ્યા હતા.

**૩) સંસ્કારે સર્જ્યું સ્વર્ગ પાઠમાં ગામની સિકલ બદલી નાખવાનું કામ કોણે કર્યું હતું?**

જ) સંસ્કારે સર્જ્યું સ્વર્ગ પાઠમાં ગામની સિક્કલ બદલી નાખવાનું કામ ગામમાં આવેલા નવા શિક્ષકના દીકરાએ કર્યું હતું.

**૪) સંસ્કારને વૃક્ષ ઉછેરમાં કોણે મદદ કરેલી ?**

જ) સંસ્કારને વૃક્ષ ઉછેરમાં શિવરામકાકા અને સરતાનકાકા એમદદ કરેલી.

**૫) અઢી દાયકા એટલે કેટલા વર્ષ ?**

જ )અઢી ગાયકા એટલે 25 વર્ષ.

**૬) પ્રાચીના મામા ક્યાં રહે છે ?**

જ) પ્રાચીના મામા સુરતના રાંદેર વિસ્તારમાં આવેલી વિઠલનગર સોસાયટીમાં રહે છે .

**૭) પ્રાચીના મામા એ કઈ તારીખે પત્ર લખ્યો છે ?**

જ) પ્રાચીના મામાએ તા. ૧૮\૧૦\ ૨૦૨૨ ના રોજ પત્ર લખ્યો છે .

**૮)મૃદુલઘોષ શામાં કામગીરી કરતા હતા ?**

જ)મૃદુલઘોષ ભારતીય હવાઈદળમાં કામગીરી કરતા હતા .

**૯) મનોજ ભીંગારે અકસ્માતમાં બન્ને હાથ ગુમાવતા શું કર્યું ?**
જ)મનોજ ભીંગારે અકસ્માતમાં બન્ને હાથ ગુમાવતા મોઢે થી ચિત્ર દોરવાનું કામ  શું કર્યું .
**૧૦) મોં કે પગથી ચિત્રો દોરનારા ના મંડળની ખાસિયત શું છે ?**
જ) મોં કે પગથી ચિત્રોદોરનારા ના મંડળની ખાસિયત છે કે એ દાન લેતા નથી ,પણ એમને બનાવેલા સુંદર ચિત્રો , શુભેછાકાર્ડ્સ  ,કેલેંડર .બેગ ,ટી – શર્ટ વગેરે વેચે.
**૧૧)પૂર્વી ક્યાં દેશમાંથી ખુશાલીના ઘરે આવી છે ?**
જ)પૂર્વી અમેરિકાથી ખુશાલીના ઘરે આવી છે.
**૧૨)પૂર્વી  ખુશાલીના ઘરે કેટલો સમય  રોકવાની છે ?**
જ)પૂર્વી ખુશાલીના ઘરે નવરાત્રી દરમિયાન રોકવાની છે .
**૧૩)કોણ લોકનૃત્યો વિશે સારી જાણકારી ધરાવે છે ?**
જ) ખુશાલી અને આદિત્યના પપ્પા લોકનૃત્યો વિશે સારી જાણકારી ધરાવે છે .
**૧૪) પૂર્વી શાના વિશે જાણકારી મેળવવા ઈચ્છે છે ?**
જ)  પૂર્વી લોકનૃત્યો વિશે જાણકારી મેળવવા ઈચ્છે છે.
**૧૫)સુકેતુ શાથી શરમાઇ ગયો ?**
જ)સુકેતુ શરમાઇ ગયો ,કારણ કે તેણે નૃત્ય ડાન્સ કહ્યું હોવાથી બધા હસી પડ્યા હતા .
**૧૬) ધૂળો નામનો વણિક ક્યાં ગામનો વતની હતો ?**
જ)ધૂળો નામનો વણિક ઇડર ગામનો વતની હતો.
**૧૭ )ધૂળો ક્યાં ગામ જવા નીકળ્યો ?**
જ)ધૂળો કોટડા ગામ જવા નીકળ્યો .
**૧૮ )રસ્તામાં અંધારું થવાથી ધૂળ સાથે શી ઘટના બની ?**
જ) રસ્તામાં અંધારું થવાના કારણે ધૂળો બીજી વાટે ચડી જવાથી ભૂલો પડ્યો .
**૧૯ )ધૂળો ક્યારે હરખાઇ ગયો ?**
જ)ધૂળાનો માર ખાધા પછી ચોર નાસી ગયા ત્યારે ધૂળો હરખાઇ ગયો .
**૨૦ ) ચોખ્ખાઈનું રાજ ચાલવાથી શાનો ઝડો લહેરાશે  ?**
જ) ચોખ્ખાઈનું રાજ ચાલવાથી તંદુરસ્તી નો ઝડો લહેરાશે .
**૨૧ ) ચોખ્ખાઈ દ્વારા દેશનું નામ કેવી રીતે રોશન થશે ?**
જ) ચોખ્ખાઈ રાખવાથી ચોખ્ખાઈની જ આણ ફેલાશે .તેથીં આખાય દેશમાં તંદુરસ્તીનો ઝડો લહેરાશે .  પરિણામે દેશનું નામ રોશન થશે .
**૨૨) આપણી દેશ ભક્તિ અને પ્રાણશક્તિ કોને કહેવામાં આવી છે ?**
જ)આપણી દેશભક્તિ  અને પ્રાણ શક્તિ ચોખ્ખાઇને કહેવામાં આવી છે

**પ્રશ્ન-XIV ] નીચેના પ્રશ્નોના જવાબસ વિસ્તાર લખો**

**૧) સંસ્કારના સંકલ્પના પરિણામ જણાવો**
જ)સંસ્કારના સંકલ્પના લીધે જ સુકાપટ ગામમાં હરિયાળી છવાઈ ગઈ. ગામના બધાજ જાહેર સંકુલો લીલાછમ થઈ ગયા સાથે નક્ષત્ર વન પણ બની ગયું.
**૨) સવજીભાઈ સંસ્કારના કામમાં કેમ જોડાયા હશે?**
જ )સવજીભાઈ એ શિક્ષકના દીકરા સંસ્કારને સતત વૃક્ષારોપણનું કામ કરતું અને વૃક્ષોનું જતન કરતું જોયો . તેમણે વિચાર્યું કે બહાર ગામનો છોકરો આટલું બધું કામ કરેતો આપણી તો ફરજ થાય ને તેથી સવજીભાઈ સંસ્કારના કામમાં જોડાયા હશે.
**૩) કયા-કયા વૃક્ષો ઉછેરવામાં સંસ્કારની સફળતાન મળી?**
જ ) કેમજો સાગ,સીસમ ,સાદડ વાસ નાગકેસર જેવા વૃક્ષો ઉછેરવા માં સંસ્કારની સફળતા ન મળી કારણ કે એ ગામમાં વરસાદ ઘણો ઓછો પડે છે.

**૪) ચોખ્ખાઈના સરદાર ક્યાં-ક્યાં કામ કરે છે ?**

જ) ચોખ્ખાઈ ના સરદાર ઘરવાળી ઝૂડીને ,આંગણ –શેરીવાળીને ચોખ્ખા રાખે છે . કચરાનો ઉકરડો ગમે ત્યાં થવા દેતાનથી .તેઓ વારંવાર હાથ ધુએ છે .થાળી વાટકો માજીને ચોખ્ખા રાખે છે . પોતાના શરીરને પણ નાહી ધોઈને ચોખ્ખું રાખે છે .ગામ તથા શહેરને પણ સ્વચ્છ કરે છે .

**૫) ચોખ્ખાઈને દેશભકતિ કેમ કહી હશે ?**

જ) ચોખ્ખાઈ રાખવાથી શરીર તંદુરસ્ત રહે છે . ઘર ,શેરી ,ગામ કે શહેર પણ નિરોગી રહે છે .આમ, દેશનો દરેક નાગરિક તંદુરસ્ત રહે તો આખોયે દેશ તંદુરસ્ત રહે . પરિણામે દેશ ધારે તેવી અને તેટલી પ્રગતિ કરી શકે .તેથી જ તોચોખ્ખાઈ ને દેશભકતિ કહેવામાં આવી છે .

**૬)ગંદકીદૂરકરવાશું –શું થઈ શકે ?**

જ) ગંદકી દૂર કરવા ગામમાં મહાસફાઈનું અભિયાન ચલાવવું પડે . ઠેરઠેર કચરાપેટી મુકાવવી પડે . ભરાઈ ગયેલ કચરા પેટીઓ સમયસર ખાલી કરાવવાની વ્યવસ્થા કરાવવી પડે . ગામના લોકોમાં 'ગંદકીથી બીમારી આવે છે .' તે માટેની જાગૃતિ ફેલાવવી પડે

**૭) મૃદુલઘોષે કોની મદદથી પેટીગ શોખ પૂરો કર્યો ?**

જ)મૃદુલઘોષે હાથથી ચિત્રોદોરી ન શકે તેવા ચિત્રકારોને પગથી કે મોથી દોરતા શીખવનાર સંસ્થાની મદદથી પેટીંગનો શોખ પૂરો કરવાનો સંકલ્પ કર્યો .

**૮) કરોડરજ્જુને ઈજા થવાથી મૃદુલભાઈ ની શી હાલત થઈ ?**

જ) કરોડરજ્જુને ઈજા થવાથી મૃદુલભાઈના હાથ અને પગ નકામા થઈ ગયા વિલ્ચેરમાં જ જિંદગી ગુજારવાની નોબત આવી.

**૯) ગરબો અને ગરબી વચ્ચે શો ફેર છે ?**

જ) ગરબો એટલે ઘણાં છિદ્રો પડેલો માટીનો ઘડો .જયારે ગરબી એટલે લાકડાની માંડવડી .ગરબો મોટે ભાગે સ્ત્રિઓ ગાય છે . કોઈ વાર પુરુષો એમાં જોડાય એવું બનર, પરંતુ ગરબી તો માત્ર પુરુષો જ ગાય છે . ગરબીએ પુરુષ નૃત્યનો પ્રકાર છે .

**૧૦) પૂર્વી શાની જાણકારી મેળવવા ઈચ્છે છે ? કેમ?**

જ) પૂર્વી લોકનૃત્યો વિશે જાણકારી મેળવવા ઈચ્છે છે ,કારણ કે તેને ભારતના જુદા-જુદા લોકનૃત્યો નું ઘેલું છે. આ ઉપરાંત તે ગુજરાતના લોકનૃત્યો વિશે જાણકારી મેળવીને શિકાગોના અખબારમાં તેના વિશે લેખ લકવા માંગે છે .

**૧૧ ) લોક નૃત્યોનો જન્મ શી રીતે થયો છે ?**

જ) વર્ષો પહેલા નદી કિનારે સંસ્કૃતિનું પારણું હતું. ત્યારે જ લોક નૃત્યનો જન્મ થયું હતો . એ સમયનો માણસ પ્રકૃતિની ગોદમાં મસ્ત બનીને નાચવા કે ગાવા લાગતો .આમ માનવી આનંદ ઉર્મિઓમાંથી જ લોક નૃત્યુ જન્મ્યા છે

**૧૨ ) ધૂળો કેમ ભૂલો પડ્યો ?**

જ) ધૂળો સમી સાંજે કોટડા ગામે જવા નીકળ્યો હતો .ગામ દૂર હતું .જંગલની વાટે ચાલતા-ચાલતા અંધારું થઈ ગયું . તેથી ધૂળો બીજી વાટે ચડી ગયો અને ભૂલો પડ્યો .

**૧૩ ) ધોળો કોટડા ગામે જવા કેમ નીકળ્યો ?**

જ)ધૂળાએ કોટડા ગામે જતા પોતાની સાથે કોથળો અને તેમાં કાટલાં લીધા હોવાથી એવું લાગે છે કે તે લગભગ ત્યાં વેપાર કરવા ગયો હશે .

**૧૪) ચાર ચોર સામે ધોળો કેમ બાથ ભીડી શક્યો ?**

જ) ચાર ચોર સામે ધોળો કેમ બાથ ભીડી શક્યો,કારણ કે તેની સાથે તેના બાર સાથીઓ – બે પગ ,બે હાથ ,ચાર કાટલાં ભરેલો કોથળો તેમજ પોતાની હિંમત અને વિશ્વાસ હતા